ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઉનાળુ વેકેશનમાં બર્ફીલા પ્રદેશોનો પ્રવાસ હોટ ફેવરીટ

## ઉત્તર ભારતના જમ્મુ-કાશ્મીર સહિતના તમામ હિલસ્ટેશનો પ્રવાસીઓથી ઉભરાયા : ગુજરાતીઓની સંખ્યા સવિશેષ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના વસાહતીઓ હરવા ફરવાના શોખીન બનતા જાય છે. વેકેશનમાં અને રજાઓમાં નાની-મોટી પીકનીક કે મોટા પ્રવાસનું આયોજન કરવામાં ગાંધીનગરાઓ પાછા પડતા નથી. અહીં કર્મચારીઓની સંખ્યા સવિશેષ હોવાથી એલટીસી લઈને ફરવા જનારાઓ પણ સવિશેષ છે. આ વર્ષે ગાંધીનગરાઓ ઉત્તરભારતના બર્ફીલા ક્ષેત્રોમાં હરવા ફરવા ઉપડી ગયા છે. આ સમર વેકેશનમાં દાર્જિલીંગ, કાશ્મીર, હિમાચલપ્રદેશના હિલ સ્ટેશનો અને ઉટી તરફ જવાનો ક્રેઝ વધી રહ્યો છે.

ઉનાળુ વેકેશન શરૂ થાય તેના મહિનાઓ અગાઉ પ્રવાસનું આયોજન થઈ જાય છે. શાળા-કોલેજોમાં રજા પડે તે સાથે જ હરવા ફરવા જવાનુ આયોજન પોતપોતાના બજેટ અનુસાર થઈ જાય છે. ગુજરાતીઓ એમ પણ ફરવાના શોખીન હોય છે. ઉનાળુ અને દિવાળી વેકેશનમાં દૂરના સ્થળે ફરવા જવાનો પ્લાન તેઓ બનાવી જ લે છે. આ વર્ષે પણ ઠંડા અને બર્ફીલા પ્રદેશો તરફ પ્રવાસીઓનો ધસારો છે. અમદાવાદ મુંબઈથી દિલ્હી તરફ જતી તમામ ટ્રેનો ફુલ છે. એકપણ ટિકિટ ઉપલબ્ધ નથી. તત્કાલમાં પણ ટિકીટ મળતી નથી. આ વર્ષે ગાંધીનગરમાંથી પણ ઘણા પરિવારો અને નવા લગ્ન કરેલા યુગલો ઉત્તરભારતના પ્રવાસે જઈ રહ્યા છે. આ વર્ષે મુખ્યત્વે ઉત્તર ભારતના સીમલા, મનાલી, કુલુ, ડેલહાઉસી ઉપરાંત દાર્જલીંગ, મહાબળેશ્વર, લોનાવાલા, ઉટી સહિતના સ્થળે ગુજરાતી પ્રવાસીઓના પસંદગીના સ્થળો બન્યા છે. થોડાક સાધન સંપન્ન હોય તેવા પરિવારો મલેશીયા, સિંગાપુર, થાઈલેન્ડ, દુબાઈ અને યુરોપના દેશોની ટુર પસંદ કરી રહ્યા છે. ટ્રેન ઉપરાંત દિલ્હી સુધીના હવાઈમાર્ગને પણ પ્રવાસીઓ પસંદ કરી રહ્યા છે. દિલ્હીથી જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશની ટુરના આયોજકો ખુબ મોટી સંખ્યામાં હોવાથી ઘણા પ્રવાસીઓ અહીંથી ટુર બુક કરાવવાના બદલે દિલ્હીથી ટુર બુક કરાવી રહ્યા છે. અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત દિલ્હીના ઘણા ટ્રાવેલ એજન્ટો બજેટમાં આવે તેવી ત્રણ થી સાત દિવસની ટુરનું આયોજન અને વ્યવસ્થા કરી રહ્યા છે.

હાલમાં વેકેશનનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે ત્યારે ફરવાલાયક સ્થળોએ ભારે ભીડ જોવા મળી રહી છે. હીલ સ્ટેશનો હાઉસફુલ થઈ ચુક્યા છે. વેકેશનના કારણે એર ટિકીટથી માંડીને ટ્રેનનું વેઈટીંગ લીસ્ટ ઘણું લાંબુ થઈ ચુક્યું છે. તો વળી એર ટિકીટના દરોમાં પણ વધારો થયો છે. અગાઉથી આયોજન ન કર્યું હોય તેવા કેટલાક પરિવારો તો દૂરના સ્થળે જવાના બદલે શહેરની આસપાસના પીકનીક સ્પોટ પર જઈ વેકેશનનો આનંદ માણી રહ્યા છે. આબુ, અંબાજી, મહેસાણા વોટરપાર્ક ઉપરાંત નાનામોટા બીચ અને રીસોર્ટ પર એકાદ-બે દિવસ ગાળવાનું આયોજન થઈ રહ્યું છે. આવી નાની ટુર માટે એસી કાર બસની માંગ પણ ખુબ છે.







પાટનગરને કેન્દ્ર - ગાંધીનગરના હાર્દસમું ઘ-૪ સર્કલ ધોમધખતી ગરમીમાં બપોરે ૧૨ થી ૨ દરમિયાન સુમસામ વર્તાય છે... છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી ઉપર છે ત્યારથી બપોરે ૧૨ થી ૩ નગરના માર્ગો સાવ સુમસામ જણાય છે... મોટાભાગના નગરજનો અને મુલાકાતીઓ બપોરના સમયે બહાર નિકળવાનું ટાળે છે એની આ બોલતી તસવીર છે... ઘ-૪ એટલે વાહનોથી અને અવરજવરથી ધમધમતો વિસ્તાર... જ્યાંથી મહાત્મા મંદિર જવાય, જ્યાંથી સચિવાલય જવાય, જ્યાંથી ટાઉનહોલ જવાય અને જ્યાંથી ઉત્તર ગુજરાતના પ્રવેશદ્વાર સમા માણસા-મહુડી જવાય... આવા કેન્દ્રવર્તી વિસ્તારમાં પણ ભરબપોરે કાળુ ચકલુંય ફરકતું નથી... જે દર્શાવે છે કે ગરમીનો આતંક કેટલો અને કેવો છે....? (તસવીર : દિપક જાની)

# સુવિધા કેન્દ્રો આઉટ સોર્સિંગને સોંપવા હીલચાલ

## સે-૨૩ ઈન્કવાયરી કચેરીના પ્રાયોગિક અમલ બાદ અન્ય સુવિધા કેન્દ્રો માટે વિચારણા

ગાંધીનગર, તા.૯

સેકટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રોને આઉટ સોર્સિંગથી લોકઉપયોગી બનાવવા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અગાઉ ગત વર્ષ દરમિયાન સે-૨૩ના સુવિધા કેન્દ્રને પ્રાયોગિક ધોરણે આઉટ સોર્સિંગની મદદથી શરુ કરવામાં આવ્યું હતું. જયારે હવે સેકટરોની અન્ય ઈન્કવાયરી કચેરીઓમાં પણ ખાનગી એજન્સી મારફતે સ્ટાફ અને જરુરી માલ ઉપલબ્ધ કરી સેકટરવાસીઓને અસરકારક સેવા પુરી પાડવા આયોજન કરવામાં આવનાર છે.

શહેરના સેકટરોમાં સરકારી આવાસોને ધ્યાને લઈ સ્થાનિક વસાહતીઓની નાની-મોટી ફરિયાદો નિવારવા ઈન્કવાયરી કચેરીઓ શરૂ કરવામાં આવી હતી. સમય જતા ઈન્કવાયરી કચેરીઓને સુવિધા કેન્દ્રોનું નામ આપવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી શહેરના સેકટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રોમાં સ્ટાફ અને સાધન સામગ્રીના અભાવે વસાહતીઓની ફરિયાદોનો નિકાલ ન થતા નગરજનોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. સેકટરોની ઈન્કવાયરી કચેરીમાં રોજબરોજ નોંધાતી ફરિયાદો મેનપાવર અને જરુરી માલ સામાનના અભાવે યથાવત રહેતા સુવિધા કેન્દ્રો શોભાના ગાંઠીયા સમાન બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આમ નાગરિકોની નાની મોટી સમસ્યાઓનું પણ નિરાકરણ ન આવતા સરકારી રહેણાંકના રહીશોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ સ્થિતિ નિવારવા ગત વર્ષ દરમિયાન ઉચ્ચ કક્ષાએથી સેકટરના સુવિધા કેન્દ્રોને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે સે-૨૩ની ઈન્કવાયરી કચેરીને મેનપાવર અને સાધન સામગ્રીની જરુરીયાત સાથે આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી છે. જયારે હવે શહેરની અન્ય ઈન્કવાયરી કચેરીઓને પણ આઉટ સોર્સિંગથી કાર્યરત કરવા પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

# આજથી કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ

**ગ્રીષ્મોત્સવની સાંજે ફિલ્મ સંગીતના જાણીતા ગાયક કૈલાસ ખેર અને સોલી-નિશા કાપડીયા સહીતના કલાકારો શ્રોતાઓને સંગીતમાં તરબોળ કરશે**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આગ ઓકતી ગરમીમાં નિખરતા ગરમાળા અને ગુલમોરના રંગબેરંગી ફૂલોની મહેંક વચ્ચે ગ્રીષ્મોત્સવની ઉજવણી આકર્ષણ જમાવશે. કલ્ચરલ ફોરમ દ્વારા તા. ૧૦ થી ૧૨ મે દરમિયાન ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઈન્ફોસીટીની હરિયાળી લોનમાં હીન્દી ફિલ્મ સંગીતના જાણીતા ગાયક કલાકાર કૈલાસ ખેર, નિશા અને સોલી કાપડીયા સહિતના કલાકારો શ્રોતાઓને સૂર સંગીતમાં તરબોળ કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી ગ્રીષ્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૧૯૯૫થી ૨૫૯ સભ્યો સાથે શરૂ થયેલી સંખ્યામાં હાલ ૫૧૦૦ જેટલા સભ્યો જોડાયા છે. કલ્ચરલ ફોરમ દ્વારા સતત ૧૫મા વર્ષે ગ્રીષ્મોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી ફિલ્મ જગતના જાણીતા કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદીના હસ્તે ગ્રીષ્મોત્સવનું ઉદઘાટન કરવામાં આવશે. ગ્રીષ્મોત્સવના પ્રથમ દિવસે હિન્દી ફિલ્મ જગતના ૧૦૦ વર્ષને અનુલક્ષી 'સદીના સ્નેહ ગીતો'ના શીર્ષક અન્વયે અદભુત કાર્યક્રમ યોજાશે. ૩ મે ૧૯૧૩ના રોજ પ્રથમ ફિલ્મ પ્રદર્શિત થઈ હતી જયારે ફીલ્મ જગતને ૧૦૦ વર્ષ પૂરા થતા સંસ્થા દ્વારા આ નિમિત્તે શરદ ખાંડેકરના ખાંડેકર બ્રધર્સની ઓરકેસ્ટ્રા વૈવિધ્યસભર ગીતો રજૂ કરશે જેમાં મુંબઈના ગાયિકા યાસીતા યશપાલ, વિશ્વનાથ બાટુંગે ઉપરાંત ગુજરાતના યુવા કલાકારો ભૂમિક શાહ, આનલ વસાવડા પોતાના સ્વરોના સથવારે શ્રોતાઓને પ્રણયરસમાં તરબોળ કરશે. ત્યારબાદ તા. ૧૧ મેના રોજ ગુજરાતી સુગમ સંગીતની ખૂબ જ જાણિતી ગાયક બેલડી સોલી કાપડીયા, નિશા ઉપાધ્યાય પોતાના સ્વરોથી ગ્રીષ્મોત્સવની સાંજને નિખારશે. ગુજરાતી ગીતોનો ગુલદસ્તો લઈને આપવામાં કલાકારો સાથે શાયર રવિ રઈશ મણિયાર આ મહેફીલના સુત્રધાર હશે જયારે સંગીતના જાણકાર પંડિત વિક્રમ પાટીલ પણ આ કાર્યક્રમમાં તાલની સંગત કરશે. પત્રકાર મિલન પ્રસંગે સંસ્થાના અગ્રણીઓ સર્વશ્રી જ્યોતિન્દ્ર વ્યાસ, ડૉ. રાજેશ શાહ, અને હિરેન ભટ્ટએ ઉપસ્થિત રહી કાર્યક્રમોની વિગતો આપી હતી.

ગ્રીષ્મોત્સવના અંતિમ દિવસે દેશના ખ્યાતનામ ગાયક કલાકાર કૈલાસ ખેરના સૂફિયાના સ્વરોનો જાદુ

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

ગાંધીનગર, તા.૯

સંભવિત ઉમેદવારોની પસંદગી માટે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક આગામી ૧૧મીના રોજ મળનારી છે.

ગુજરાતની ખાલી પડેલી પોરબંદર અને બનાસકાંઠા લોકસભા બેઠક ઉપરાંત વિધાનસભાની ચાર બેઠકો ધોરાજી, જેતપુર, લીંબડી, મોરવાહડફની પેટા ચૂંટણીઓ જાહેર થતાં ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરુ કરી છે આ માટે ૧૧મીને શનિવારના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે.

આ બેઠકમાં સંભવિત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવનાર છે. જો કે પોરબંદર લોકસભા બેઠક વિધાનસભાની જેતપુર, લીંબડી બેઠક પરના ઉમેદવારોના નામો લગભગ નિશ્ચિત થઈ ગયા છે. જેમાં કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં આવેલ પિતા પુત્ર વિઠ્ઠલભાઈ રાદડીયાનું નામ લોકસભા બેઠક માટે નિશ્ચિત મનાય છે જયારે તેમના પુત્ર જયેશ રાદડીયાનું નામ જેતપુર બેઠક પરથી નિશ્ચિત મનાઈ રહ્યું છે.

જયારે લીંબડી બેઠક પરથી ગત ચૂંટણીમાં પરાજય પામેલ પૂર્વ મંત્રી કિરીટસિંહ રાણાને આ વખતે ફરી રીપીટ કરવામાં આવનાર હોવાનું મનાઈ રહ્યું છે.

જયારે વિધાનસભાની મોરવાહડફ અને બનાસકાંઠા લોકસભા બેટકો માટે સંભવિત નવા નામો અંગે પાર્લામેન્ટરી બોર્ડમાં ચર્ચા વિચારણા કરીને નવા યુવા ચહેરાના નામો પર પસંદગીનો કળશ ઢોળવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં સંભવિત નામોની પેનલ યાદી તૈયાર કરીને મુખ્યમંત્રી સાથે પરામર્શ કરી આખરી યાદી ભાજપ મોવડીમંડળની મંજુરી અર્થે મોકલી આપવામાં આવશે અને ૧૩મી મેના રોજ ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

**Mount Carmel High School**

Sector-21, Gandhinagar

**WANTED**

According to the N.O.C. letter No. GDHN-GH-1-2012-13-7380 dated 18-4-2013 of District Educational Office, Gandhinagar, Mount Carmel Higher Secondary School (English Medium Granted) Gandhinagar, needs **Shikshan Sahayak - M.A. - English, B.Ed.** and according to N.O.C. letter No. GDHN-GH-1-2012-13-10400 dated 8-5-2013 needs **Shikshan Sahayak - M.Com. - Accountancy, B.Ed.** Candidates must have passed TAT Exam for the above vacancies. As per current rules of Government, fixed salary of Rs. 10,000/- p.m. will be paid for five years for both vacancies. These vacancies are non reserved and protection will not be given to the surplus teachers according to resolution dated 21-5-1994 and 6-7-1998 of education deparment, Government of Gujarat. Those having the required qualifications, will have to send their educational certificates starting with S.S.C., within 10 days from the day of advertisement published, by RPAD to the Principal, Mount Carmel Higher Secondary School, Sector-21, Gandhinagar - 382021. If the candidate wishes she / he can send one copy of the same to the District Educational Office, B-Block, 6th Floor, M.S. Building, Sector-11, Gandhinagar.

**SHRADDHADEEP**
Pathology Laboratory
Since 1981

We at Shraddhadeep believe on having superior technology to be better positioned to offer our Clients perfect results & focused on quality in our work consistently since our inception, with this we have entered into 33rd year of our work.

Thank you for the support & gratitude.

**On this day we offer health check up scheme for a limited period on 10-11-12 May only.**

**Time 8 a.m. to 7 p.m.**

**Package 1 : Health Check Up at Rs. 1000/-**
Haemogram - Lipid Profile (Empty Stomach) - FBS & PPBS - SGPT Creatinine - Urine R/M - Stool R/M

**Package 2 : Health Check Up at Rs. 1500/-**
TSH - Vitamin - B12 - Haemogram - Lipid Profile (Empty Stomach) FBS & PPBS - SGPT - Creatinine - Urine R/M - Stool R/M

**Package 3 : Health Check Up at Rs. 1500/-**
TSH - Vitamin - B12 - Vitamin D

**Get free following investigations done by voluntarily donating blood at Shraddhadeep Blood Bank at Sector-16**

Blood Group • Haemogram • HIV • HBSAG • HCV • R. Sugar • VDRL

Dr. Vinod Patel, M. D.(Path & Bact.) | Mahendra B. Gajjar, Microbiologist (Ph. : 98255 83898) | Bindi R. Dave, Microbiologist | Aruna Gajjar 97269 70804

328, Shiv Complex, Sector-16, Gandhinagar. Ph : 23222474, 23222777, Resi. - 23222962 e-mail : shraddhablood@gmail.com | Hi-Tech Hospital, Sector-3-D, GH-Road, Gandhinagar. Ph : 23240556 (L), 23240555 (C) | A-12, Swagat Rainforest-II, Below Spice & Herbs Restaurant Kudasan, Gandhinagar. Ph : 23600999




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com